# આપની અપોઇનમેન્ટ મા્ટે વડીયોથી હાજરી આપો

**વિડિઓ કૉલિંગ સીમલેસ અને ઉપયોગમાં સરળ છે**

આપની અપોઇન્મેન્ટ માટે જાતેજ જવાને બદલે આપ નિમ્નલિખિત કડીનો ઉપયોગ કરી ઑનલાઈન પ્રતીક્ષા સ્થળે જશો.

આ સેવા એ જોશે કે આપ આવી ગયા છો અને આ સેવા આપનાર જયારે તૈયાર હશે ત્યારે આપના ફ્રોન થી જોડાશે.

આ માટે ખાતું ખોલવું જરૂરી નથી.

વિડિઓ કોલ સુરક્ષિતછે અને આપની ગુપ્તતા રક્ષિત છે.



## હું મારી વિડિઓ અપોઇન્મેન્ટ માટે કેવી રીતે હાજરી આપીશ?

અહીયા જાિ

## વડીયો કોિકિરિ મા્ટે મારે શ્ંય જોઈશે?

- **વિડિઓ કોલ કરવામાટે કોઈ ઉપકરણ**, જેમકે સ્માર્ટફોન, ટેબ્લેટ અથવા વેબકેમ અને સ્પીકરવાળું કમ્પ્યુટર (મોટા ભાગે લેપટોપમાં પ્રીનિર્મિત - ફિટેડ) હોયછે.
- **આધારપાત્ર ઈન્ટરનેટનું કનેક્શન** (વાયરીંગ કરેલું, વાઈ-ફાઈ, અથવા મોબાઈલ ડેટા). જો આપ ઑન્લાઈન વડિઓિ જોઈ શકતા હો તો આપ જરૂરથી વીડયિોકોલ કરી શકશો.
- આપના પરામર્શ (કન્સલ્ટેશન) માટે પોતાની ખાનગી **અજવાળા વાળી જગ્યા કે જ્યાં આપને ખલેલ ના પહોંચે.**
- રેષ્ટ વીડીઓ કોલની કાર્યક્ષમતા માટે ક્રોમ, સફારી અથવા ઍડ્જની આધુનીક/તાજેતરની આવૃત્તવિાપરો.

| Google Chrome | Apple Safari | Microsoft Edge |
|---|---|---|
| Windows, Android, macOS | macOS, iOS, iPadOS | Windows |

વિડિઓ કોલ કેવી રીતે કરવો આ માટે વધુ માહિતી માટે પુષ્ટ બે જુવો

## મારે શું જાણવું જોઈએ?

### આ સુરક્ષિત / ખાનગીછે?

આપની પાસે પોતાનો ખાનગી રૂમ છે કે જેમાં ફક્ત આ સેવા આપનાર અધિકૃત હોય તેજ પ્રવેશી શકે છે.

આપે મુકેલી કોઈપણ માહિતી રાખવામાં આવતી નથી.

### વીડિયોકોલનો ખર્ચ કેટલો થાયછે?

વિડિઓ કોલ આપના ઈન્ટરનેટના વપરાશના ચાર્જ સિવાય ફ્રી છે.

**ટીપ!** જો બની શકેતો વાઈ-ફાઈ નેટવર્ક સાથે કનેક્ટ કરો જેથી આપનો મોબાઈલ ડેટા વપરાય નહીં.

### હું કેટલો ઈન્ટરનેટ ડેટા વાપરીશ?

જયારે આપ તમારી સાથે કોઈ જોડાય તેની રાહ જોતા હો ત્યારે વીડીઓ કોલ ડેટા નથી વાપરતું.

કોલનું જોડાણ થયા પછી તે સ્કાય્પ® અથવા ફેસ ટાઈમ® જેટલાંજ પ્રમાણમાં ડેટાનો વપરાશ કરેછે.

## હું મારો વિડિઓ કોલ કેવી રીતે કરું?

**૧.** આપનું વેબબ્રાઉઝર ખોલો અને તેમાં અડ્રેસના બોક્સમાં (સર્ચ બોક્સમાં નહીં) સેવાનું (સર્વિસનું) વેબ અડ્રેસ ટાઈપ કરો. જયારે આપ તૈયારહો ત્યારે, સ્ટાર્ટ વિડિઓ કોલનું બટન ક્લિક કરો.

**૨.** જયારે આપ તૈયારહો ત્યારે:

- **Start video call** બટન ક્લિક કરો, અથવા

  Start video call

- **Enter Waiting Area** પર ક્લિક કરો

  Enter Waiting Area

**3.** જો તમને પૂછવામાં આવે તો તમારા બ્રાઉઝરને તમારા કેમેરા અને માઇક્રોફોને એક્સેસ (જોડાણ) કરવા દેજો.

**૪.** આપની વિગતો મુકો અને આપનો કોલ ચાલુ કરો .

**૫.** કૉલ સમાપ્ત કરવા માટે, **Leave** પર ક્લિક કરો.



**ટીપ!** સામાન્ય સમસ્યાઓને ઠીક કરવા માટે, તમારા બ્રાઉઝરમાં પૃષ્ઠને ફરીથી લોડ કરો.

**ટીપ!** આપની અપોઇન્મેન્ટ પહેલા આપનો સેટઅપ ચેક કરવા એક ટેસ્ટ કોલ કરી જુવો.

**૧. Test call** b પર ક્લિક કરો:

Test call

**૨.** જો તમને પૂછવામાં આવે તો તમારા બ્રાઉઝરને તમારા કેમેરા અને માઇક્રોફોને એક્સેસ (જોડાણ) કરવા દેજો. તંત્ર વ્યસ્થા એ તપાસ કરશે કે તમારી પાસે બધુજ તેની યોગ્ય જગ્યે પર છે (ઇન્ટરનેટ, સ્પીકર, માઈક્રોફોન અને વિડિઓ).

## જો કશુંક ના ચાલતું હોયતો મારે શું કરવું?

જુઓ https://wales.nhs.attendanywhere.com/troubleshooting

### વધુ માહિતી

induction
Attend Anywhere

**આપની સેવાના વેબ એડ્રેસ માટે પુષ્ટ એક જુવો**